# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-08-2024 Evening : 7.10 to 7.20

Day : Firday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- રાજ્યભરમાં આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીઃ મુખ્યમંત્રીના હસ્તે રાજ્યમાં કુલ 1 હજાર કરોડથી વધુનાં લોકાર્પણ-ખાતમુહર્ત કરાયા
- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા આવતી કાલે રાજકોટથી તિરંગા યાત્રાનો આરંભ કરાવશે.
- છેલ્લા એક અઠવાડિયામાં ગુજરાત પોલીસે ૮૩૬ કરોડ રૂપિયાનાં માદક પદાર્થો જપ્ત કર્યા
- સર્વોચ્ચ અદાલતે 11 ઓગસ્ટના રોજ યોજાનારી નીટ-પીજી પરીક્ષામાં વિલંબ કરવાની અરજીને ફગાવી
- ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી 128 મીટરને પાર - આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Adivasi Day

આજે વિશ્વ આદિવાસી દિવસ છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો વિશ્વ આદિવાસી દિવસ કાર્યક્રમ ઉજવાયો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યમાં કુલ એક હજાર, 14 કરોડથી વધુના લોકાર્પણ-ખાતમુહર્ત કરવામાં આવ્યા હતા. જેમાં ૪૧૧ કરોડ રૂપિયાના કામોનું ખાતમુહર્ત તથા ૬૦૨ કરોડ રૂપિયાથી વધુના કામોનુ લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે..

(BYTE_BHUPENDRA PATEL)

આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું હતુંકે રાજ્યમાં થયેલા વિકાસને પગલે આજે આદિજાતિ વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગનું શિક્ષણ લઈ રહ્યા છે..

પ્રસ્તુત છે રાજ્યભરમાં વિશ્વ આદિવાસી દિવસની વિવિધ જિલ્લાઓમાં થયેલી ઉજવણી અંગેનો એક અહેવાલ....

(બાઇટ આદિવાસી દિવસ ઉજવણી)

# HAR GHAR TIRANGA - J P NADDA

દેશભરમાં 15 ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થયો છે ત્યારે રાજ્યમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય 'હર ઘર તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં સૌપ્રથમ આ યાત્રાનો શુભારંભ રાજકોટથી થશે.

આવતીકાલે સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા રાજકોટથી આ તિરંગા યાત્રાનો આરંભ કરાવશે. બહુમાળી ભવનથી જ્યુબેલી ચોક સુધી યોજાનાર આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં રાજકોટવાસીઓ રાષ્ટ્રભાવના સાથે જોડાશે.

આ તિરંગા યાત્રાનો શુભારંભ બહુમાળી ભવનથી થશેજ્યાં કણબી રાસ, મણીયારોરાસ, બેડા નૃત્ય,  ડોકા રાસ, મંજીરા રાસ, ડાંગીનૃત્ય, ઢાલ-તલવાર નૃત્ય, માલધારીઓનો ગોફ રાસજેવા અનેક ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદશ્રીઓ ,ધારાસભ્યો સહિત અન્ય મહાનુભાવો આ યાત્રામાં સહભાગી થશે...

# HAR GHAR TIRANGA - DISTRICT

કેન્દ્ર શાસિતપ્રદેશ દમણમાં હર ઘર તિરંગા અભિયાનને દાદરા નાગર હવેલી અને દીવ દમણના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા શરૂ કરવામાં આવ્યો. નીફ્ટ અને એન્જિનિયરિંગ કોલેજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો તેમજ શાળાના પ્રિન્સિપાલ અને માજી સેના અધિકારીઓને તિરંગા આપવામાં આવ્યા.

આવતીકાલે કચ્છના કોટેશ્વર, માંડવી બીચ, માતાના મઢ તથા ધોળાવીરા ખાતે અને ૧૧ ઓગસ્ટના ભુજ જયુબિલી ગ્રાઉન્ડ ખાતેથી ઓલ્ડફ્રેડ હાઇસ્કુલ સુધી તિરંગા યાત્રા યોજાશે. જેમાં પોલીસ જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોક નૃત્ય કલાકારો, રમતવીરો, તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. ૧૨ ઓગસ્ટના તમામ તાલુકા મથક પરમુખ્ય કાર્યક્રમ અને દરેક ગ્રામ પંચાયત દીઠ કાર્યક્રમો તથા તિરંગા યાત્રા યોજાશે.

૧૩મી તારીખે સરહદી વિસ્તાર ધરાવતા કચ્છના ૫૯ ગામોમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં ૭૭ હજારથી વધુ તિરંગાનુ વિતરણ કરવામાં આવશે.

વડોદરા જિલ્લાના વિવિધ ગામોમાં બાળકો ઉપરાંત ગામના યુવાનો, વૃદ્ધોદ્વારા તિરંગા યાત્રાનું આયોજન તબક્કાવાર કરવામાં આવી રહ્યું છે. જિલ્લા પંચાયત દ્વારા થયેલા આયોજન પ્રમાણે ગામમાં તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે વિવિધ વિષયો આધારિત નિબંધ સ્પર્ધાઓ યોજાઇ હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગોધરા જિલ્લામાં તાલુકા કક્ષાની તિરંગા યાત્રા બારમી ઓગસ્ટના જ્યારે જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા 13મી ઓગસ્ટના રોજ યોજવામાં આવશે. આ તિરંગા યાત્રામાં જોડાવા માટે પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતા, સામાજિક સંસ્થાઓ તેમજ શાળા – કોલેજના વિદ્યાર્થીઓને જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

....................................

# DRUGS -HARSH SANGHVI

રાજ્યમાંથી ડ્રગ્સના દુષણને ઉગતું જ ડામી દેવા રાજ્ય સરકારે ડ્રગ્સ સામે અભિયાન જ નહિ, જંગ છેડી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએઆ વિષે વધુ માહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા એક અઠવાડીયામાં ગુજરાત પોલીસે ૮૩૬ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ચરસ, ગાંજોઅને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ સહિતના ડ્રગ્સનો મુદ્દામાલ જપ્ત કરી ૧૪ આરોપીઓ સામે નાર્કોટીક્સના ગુના દાખલ કર્યા છે. તેમણે ઉમેર્યું કે અન્ય દેશોમાંથી દરિયાઇ માર્ગે ઘુસાડવામાં આવતા ડ્રગ્સને પકડવામાં ગુજરાત પોલીસ સતત સતર્ક છે.

આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓઅને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી પણ રાજ્યમાં અમલમાં મુકવામાં આવી છે. યુવાનોને આ ચુંગાલથી દૂર રાખવાની લડાઇમાં સંતો-મહંતો, નેતાઓ-અભિનેતાઓ, સહિત તમામ જાગૃત નાગરિકોને 'એક પરિવાર' બનીને સહયોગ આપવાશ્રી હર્ષ સંઘવીએ અપીલ કરી છે. .

# SC-NEET.rtf

સર્વોચ્ચ અદાલતે આજે 11 ઓગસ્ટના રોજ યોજાનારી 2024 નીટ-પીજી પરીક્ષામાં વિલંબ કરવાની અરજીને ફગાવી દીધી છે. અદાલતે કહ્યું હતું કે બે લાખ વિદ્યાર્થીઓના ભવિષ્યને જોખમમાં મૂકવું એ  અન્યાય હશે, એઅરજીને ફગાવી દેવામાં આવી હતી જેમાં એવી દલીલ કરવામાં આવી હતી કે પરીક્ષા કેટલાક શહેરોમાં ઉમેદવારો માટે ખૂબ અસુવિધાજનક છે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે, ન્યાયાધીશ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રા સાથે જણાવ્યું હતું કે, સિદ્ધાંતની બાબતમાં, કોર્ટ પરીક્ષાને ફરીથી શેડ્યૂલ કરશે નહીં અને આટલા બધા ઉમેદવારોની કારકિર્દીને જોખમમાં મૂકી શકશે નહીં. અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે ઘણા ઉમેદવારોને એવા શહેરો સોંપવામાં આવ્યા હતા જ્યાં પહોંચવામાં ખૂબ જ અસુવિધા હતી..

પરીક્ષા, મૂળ 23 જૂનના રોજ નક્કી કરવામાં આવી હતી, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નોંધાયેલી અનિયમિતતાઓને પગલે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સાવચેતીના પગલા તરીકે મુલતવી રાખવામાં આવીહતી. આ વર્ષે, 2024 માટે NEET-PG પરીક્ષા દેશભરના 500 પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે..

# VISHVA SINH DIVAS UJAVNI

'વિશ્વ સિંહ દિવસ' નિમિતે આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. સિંહ' પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત સહિત વિશ્વભરમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં આવેલા એશિયાટિક સિંહોની વસ્તી વર્ષ ૧૯૯૦માં ૨૮૪ હતી જે વર્ષ ૨૦૨૦ માં વધીને અંદાજે ૬૭૪ સુધી પહોંચી છે. એશિયાટીક લાયન લેન્ડસ્કેપના ૧૧ જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, ભાવનગર, બોટાદ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમી દ્વારકા અને જામનગરની શાળાઓ-ગામોમાં આ ઉજવણી કરવામાં આવશે, જેમાં ૧૧, હજારથી વધુ લોકો સામેલ થશે.

વન વિભાગ દ્વારા **#World Lion Day** 2024 દ્વારા વિશ્વના સિંહપ્રેમીઓ, એન.જી.ઓ., પ્રકૃતિપ્રેમીઓ, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનો ને તેમના સંદેશ , ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરી આ ઉજવણીમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# NARMADA DAM

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. નર્મદા ડેમ સિઝનમાં પ્રથમવાર 128 મીટર પાર થયો છે જે મહત્તમ સપાટીથી માત્ર 10 મીટર દૂર છે.

મધ્યપ્રદેશના ઉપરવાસમાંથી 3 લાખ 54 હજાર ક્યુસેક પાણીની આવક થતાં હાલ નર્મદા ડેમની સપાટી ખતરાના નિશાન પર પહોંચી છે. ડેમ હાલ 70 ટકા ભરાયો છે.

આ ડેમની સપાટીને ખતરાના નિશાનથી ઘટાડવા માટે આશરે 28 હજાર, 464 ક્યુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

# Rain

આજે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી રાજ્યનાં 79 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ દોઢ ઇંચ વરસાદ ધોળકા તાલુકામાં પડ્યો હતો, જ્યારે વડગામ, મહેમદાવાદ, ખેડા અને બનાસકાંઠાના કાંકરેજ તાલુકમાં આશરે એક-એક ઇંચ વરસાદ પડ્યો હતો.

દરમિયાન, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે પોરબંદર જિલ્લામાં ભારે વરસાદ બાદ રાહત બચાવ કામગીરીની કલેકટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી.

# Fatafat

- ગાંધીનગરમાં આવેલા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતેથી મહિલા મોરચા દ્વારા લગભગ 25 હજાર જેટલી  રાખડીઓ દિલ્હી મોકલવામાં આવશે.
- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે મોરબી ગુજરાત ન્યાય યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. મોરબી ખાતે ધ્વજવંદન કરીને ગુજરાત ન્યાય યાત્રાની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ ક્રાંતિ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું.
- ઉલ્લેખનીય છે કે, મોરબીથી શરૂ થયેલી યાત્રા 300 કિલોમીટરનું અંતર કાપી 23 મી ઓગસ્ટે ગાંધીનગર પહોંચશે.
- પંચમહાલ જિલ્લાનાં જાંબુઘોડા તાલુકાના નારૂકોટ ખાતે ૧૪ ઓગસ્ટનાં રોજ વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં ૭૫મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાશે.
- રાજકોટ જિલ્લાના સણોસરા ગામ ખાતે રાજકોટ જિલ્લાની ઐતિહાસિક વિરાસત દરબારગઢના પુનઃ નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું
- પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં કૃષિ રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં ત્રણ પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું
- વલસાડ જિલ્લા માહિતી કચેરીમાં નાયબ માહિતી નિયામક તરીકે  સુશ્રી ભાવનાબેન વસાવાએ ચાર્જ સંભાળ્યો છે
- એક પેડ મા કે નામ” કાર્યક્રમ અંતર્ગત મોડેલ સ્કૂલ, તળાજા ખાતે તાલુકા કક્ષાના કાર્યક્રમની ઉજવણી કરાઈ.